ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા | સ્થાપના ૨૦૧૦ | વર્ષ : ૦૪ અંક : ૮૧ | વિક્રમ સંવત ૨૦૮૨ : કારતક સુદ ૦૬ | પાના - ૦૮ | કિંમત : ૪ | અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 81 • Dt.27-10-2025 Monday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

27 OCTOBER- 2025 MONDAY




P.07

ભોળાનાથની ભક્તિમાં લીન થઈ સારા અલી ખાન, કેદારનાથમાં મૌન થઈને કરી પ્રાર્થના



P.07

પતિ સાથે વિદેશમાં સ્થાયી થઈ જાણીતી અભિનેત્રી, કહ્યું- સાસુ-સસરા સાથે એક જ ઘરમાં રહું છું

જમૈકાના તમામ એરપોર્ટ બંધ, વિનાશકારી પૂરની શક્યતા મેલિસા વાવાઝોડાના કારણે અનેક દેશોમાં ફફડાટ



07



07

જાહેરાત વિવાદને કારણે લગાવ્યો ૧૦% એક્સ્ટ્રા ટેરિફ, વેપાર વાટાઘાટો પણ રદ

**ધંધા શરૂ કરવાનો ખૂબ જ શુભ દિવસ**

**લાભ પાંચમને સામાન્ય રીતે વેપારી પેઢીઓ માટે તેમજ આજના દિવસે સંપત્તિની ખરીદી કરવાને લઈને પણ શુભ માનવામાં આવે છે**

# લાભ પાંચમ, લક્ષ્મી-શિવ અને ગણપતિની પૂજા સાથે નવા વર્ષના વેપારની શરૂઆત

**દિવાળીના દિવસો બાદ કારતક મહિનાના શુક્લ પક્ષની પંચમીની તિથિ પર આવતી લાભ પાંચમ વેપાર ધંધા અને મિલકત તેમજ સોનું ખરીદવા માટે આજના દિવસને સર્વ શ્રેષ્ઠ માનવામાં આવે છે**

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૬ |

લાભ પાંચમ દિવાળી પછીના પાંચમા દિવસે કારતક મહિનાના શુક્લ પક્ષની પંચમીની તિથિ પર લાભ પાંચમનો તહેવાર ઉજવવામાં આવ્યો  આ તહેવાર સામાન્ય રીતે વેપારી પેઢીઓ માટે તેમજ આજના દિવસે સંપત્તિની ખરીદી કરવાને લઈને પણ શુભ માનવામાં આવે છે. જેથી લાભ પાંચમના દિવસે મોટા ભાગના વેપારીઓ નવા વર્ષના વેપારના શ્રી ગણેશ, માતા લક્ષ્મી, શિવ અને ગણપતિની પૂજાથી કરતા હોય છે.

લાભ પાંચમનો તહેવાર છે. દિવાળીના દિવસો બાદ કારતક મહિનાના શુક્લ પક્ષની પંચમીની તિથિ પર આવતી લાભ પાંચમ વેપાર ધંધા અને મિલકત તેમજ સોનું ખરીદવા માટે આજના દિવસને સર્વ શ્રેષ્ઠ માનવામાં આવે છે. જેથી દિવાળીના તહેવારો બાદ આજે પ્રથમ દિવસે વેપારીઓ તેમના નવા વર્ષના વેપાર ધંધાની શરૂઆત કરશે. લાભ પાંચમને સૌભાગ્ય પંચમી, જ્ઞાન પંચમી, લાખેણી પંચમી કે કેટલાક વિસ્તારોમાં તેને શ્રી પંચમી તરીકે પણ ઓળખવામાં આવે છે. આજના દિવસે નવા વેપ ાર ધંધા શરૂ કરવાને ખૂબ જ શુભ માનવામાં આવે છે. જેથી દિવાળીના તહેવારો બાદ આજથી વેપારીઓ વિક્રમ સંવતના નવા વર્ષના પ્રથમ દિવસ તરીકે વેપાર ધંધાની શરૂઆત પણ કરશે.શ્રી પંચમીના દિવસે વહેલી સવારે શુભ મુહૂર્તમાં માતા લક્ષ્મીના પૂજન સાથે નવા વેપાર ધંધાની શરૂઆત શુભ મુહૂર્તમાં થતી હોય છે.



દિવસે નવી ખાતાવહીમાં શુભ અને લાભ લખીને વેપારીઓ વર્ષના પહેલા વેપારની શરૂઆત પણ કરતા હોય છે. સવારે ૬:૨૯ મીનીટ થી લઈને સવારના ૧૦:૧૩ મિનિટ સુધી શ્રી પંચમીનું શુભ મુહૂર્ત હોવાથી આ સમય દરમિયાન નવા વર્ષના વેપાર ધંધા શરૂ કરવા અને કોઈ મિલકત કે સુવર્ણની ખરીદી પણ શુભ મુહૂર્તમાં કરવામાં આવે તો પ્રત્યેક વ્યક્તિને વર્ષ પર સુખ શાંતિ અને સમૃદ્ધિ પ્રાપ્ત થતી હોય છે.લાભ પાંચમના દિવસે પ્રત્યેક વ્યક્તિએ વહેલી સવારે સ્નાન કર્યા બાદ સૂર્યદેવને અર્ઘ્ય અર્પણ કર્યા બાદ શિવ, ગણેશ અને માતા લક્ષ્મીનું પૂજન કરવું જોઈએ, વધુમાં પૂજન કરતી વખતે મંત્ર જાપ, આરતી અને ત્રણેય દેવી દેવતાઓને ધૂપ અર્પણ કરીને શ્રી પંચમીના દિવસના પ્રથમ વેપારની શરૂઆત પણ કરવી જોઈએ.

**રાજ્યના અનેક જિલ્લામાં વાતાવરણમાં પલટો આવ્યા બાદ વરસાદ પડ્યો હતો**

# વેરાવળ-સોમનાથમાં ધોધમાર વરસાદથી પાણી ભરાયા, ગણદેવીમાં મુખ્ય બજારમાં નદી વહેતી હોય તેવા દ્રશ્યો

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૬ |

ગુજરાતમાં દિવાળી બાદ પણ વરસાદ જવાનું નામ ન લેતો હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. હવામાન વિભાગની આગાહીને પગલે આજે શનિવારે રાજ્યના અનેક જિલ્લામાં વાતાવરણમાં પલટો આવ્યા બાદ વરસાદ પડ્યો હતો. સુરત, ઉંઝા, નવસારી, ગીર સોમનાથ, વલસાડ સહિતના જિલ્લામાં વરસાદ પડ્યો હતો. કમોસમી વરસાદથી ખેડૂતો ચિંતિત બન્યા છે.ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ-સોમનાથ સહિતના વિસ્તારોમાં આજે શનિવારે બપોરના સમયે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. સવારથી અનુભવાતી ગરમી અને બફારા બાદ ગાજ વીજ સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. હવામાન વિભાગ દ્વારા આગામી સાત દિવસ રાજ્યમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદની આગાહી કરવામાં આવી છે. ૨૭ ઓક્ટોબર સુધી રાજ્યમાં ભારે વરસાદ માટે યલો એલર્ટ જાહેર કરાયું છે. દક્ષિણ ગુજરાતમાં એલસીએસ-૩ અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠે ૩ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે.પૂર્વ અને મધ્ય અરબ સાગરમાં ડિપ્રેશન સક્રિય થવાને કારણે સૌરાષ્ટ્રના દરિયામાં ભારે કરંટ સાથે ઊંચા મોજાં જોવા મળ્યા હતા. આગામી દિવસોમાં પણ રાજ્યમાં વરસાદની શક્યતા છે અને પવનની ગતિ વધુ રહેવાની હોવાથી માછીમારોને દરિયો ન ખેડવા માટે સાવધાન કરવામાં આવ્યા છે. અચાનક વરસેલા વરસાદને કારણે શહેરના વિવિધ વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. સવારના સમયે તાપમાનમાં વધારો નોંધાયો હતો, જેના કારણે ભેજ સાથે બફારા વાળું વાતાવરણ હતું.







### હવામાન વિભાગે આગામી ૪ દિવસ સુધી રાજ્યમાં હજુ ભારે વરસાદની આગાહી કરી

## ગુજરાતમાં કમોસમી વરસાદનું તાંડવ, ૨૪ કલાકમાં ૨૫ તાલુકામાં માવઠું

### અમરેલી, ગીર સોમનાથ અને સંઘ પ્રદેશ દીવ માટે ભારેથી અતિભારે વરસાદની સંભાવનાને પગલે 'રેડ એલર્ટ' જાહેર

| પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૬ |

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં અચાનક વાતાવરણમાં પલટો આવતા ૨૫ જેટલા તાલુકાઓમાં કમોસમી વરસાદ (માવઠું) પડ્યો છે. ખેડૂતોને પાકને નુકસાન થવાની ભીતિ સતાવી રહી છે, ત્યારે હવામાન વિભાગે આગામી ૪ દિવસ સુધી રાજ્યમાં હજુ ભારે વરસાદની આગાહી કરી છે. કમોસમી વરસાદને પગલે હવામાન વિભાગે જુદા જુદા વિસ્તારો માટે રેડ, ઓરેન્જ અને યલો એલર્ટ જાહેર કર્યા છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ભારે પવન અને ગાજવીજ સાથે કમોસમી વરસાદ વરસી શકે છે. આ સંદર્ભમાં રેડ એલર્ટ: અમરેલી, ગીર સોમનાથ અને સંઘ પ્રદેશ દીવ માટે ભારેથી અતિભારે વરસાદની સંભાવનાને પગલે 'રેડ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે.ઓરેન્જ એલર્ટ: જુનાગઢ, ભાવનગર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ તેમજ દમણ, દાદરા અને નગર હવેલી માટે મધ્યમ વરસાદ સાથે 'ઓરેન્જ એલર્ટ' જાહેર કરાયું છે.યલો એલર્ટ: પોરબંદર, રાજકોટ, સુરેન્દ્રનગર, બોટાદ, અમદાવાદ, આણંદ, વડોદરા, છોટાઉદેપુર, પંચમહાલ, દાહોદ, ખેડા અને મહીસાગર જિલ્લામાં હળવા વરસાદ સાથે 'યલો એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે.હવામાન વિભાગે સવારે



૭ વાગ્યે નાવ કાસ્ટ બુલેટિન પણ જાહેર કર્યું છે, જે મુજબ આગામી ત્રણ કલાક દરમિયાન અમરેલી, ગીર સોમનાથ અને દીવમાં ભારે પવન અને ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી છે અને અહીં રેડ એલર્ટ યથાવત છે. ઉપર જણાવેલા ઓરેન્જ એલર્ટ ધરાવતા તમામ જિલ્લાઓ અને સંઘ પ્રદેશોમાં મધ્યમ વરસાદની સંભાવના છે. ઉપર જણાવેલા યલો એલર્ટ ધરાવતા તમામ જિલ્લાઓમાં હળવા વરસાદની સંભાવના છે.કમોસમી વરસાદ અને દરિયામાં ભારે પવન ફૂંકાવાની શક્યતાને ધ્યાનમાં રાખીને હવામાન વિભાગે માછીમારોને આગામી દિવસોમાં દરિયો ન ખેડવા સ્પષ્ટ સૂચના આપી છે. તંત્ર દ્વારા તમામ જિલ્લાઓમાં પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને લોકોને હવામાન વિભાગની આગાહીઓ મુજબ સાવચેત રહેવાની અપીલ કરવામાં આવી છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં અચાનક વાતાવરણમાં પલટો આવતા ૨૫ જેટલા તાલુકાઓમાં કમોસમી વરસાદ (માવઠું) પડ્યો છે.

## અમદાવાદમાં જૈન દેરાસરમાં થયેલી ચાંદીની ચોરીમાં મંદિરનો પૂજારી જ મુખ્ય આરોપી નીકળ્યો

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૬ |

અમદાવાદમાં જૈન દેરાસરમાં થયેલી ચાંદીની ચોરીમાં મંદિરનો પૂજારી જ મુખ્ય આરોપી નીકળ્યો છે. પોલીસે ૧.૬૪ કરોડની ચાંદીની ચોરીમાં એક મહિલા અને ચાર આરોપીની ધરપકડ કરી છે. તેની સાથે લાખો રૂપિયાનો મુદ્દામાલ પણ કબ્જે કર્યો છે.અમદાવાદની પોલીસે લક્ષ્મીવર્ધક જૈન દેરાસરમાં થયેલી ચાંદીની ચોરીમાં કુલ પાંચ આરોપીઓ પકડ્યા છે. આ મામલામાં ચોરી કરનારા ત્રણ આરોપી હતા. જ્યારે બીજા બે આરોપીઓ ચોરીના માલનો વહીવટ કરતા હતા. ત્રણેય આરોપીઓ દેરાસરમાંથી ટુકડે-ટુકડે ચોરી કરતાં હતા. તે ચાંદીની ટુકડે-ટુકડે ચોરી કરીને બીજા બે આરોપીને આપી દેતા હતા. બંને આરોપીઓ ચોરેલી ચાંદી બજારમાં વેચી દેતા હતા. તેના રૂપિયાથી ચોરાયેલી ચાંદીની ઓળખ ન થાય તે માટે નવી બનાવટી ચાંદી ખરીદતા હતા.પાલડીમાં આવેલા લક્ષ્મીવર્ધક જૈન દેરાસરમાં થોડા સમય અગાઉ દેરાસરના પૂજારી અને સફાઈ કર્મચારી દંપતીએ ૧.૬૪ કરોડના દાગીનાની ચોરી કર્યાની ફરિયાદ પાલડી પોલીસ સ્ટેશનમાં થઈ હતી. ચોરીના મુખ્ય આરોપી મેહુલ અને કિરણ ફરિયાદ નોંધાવતાની સાથે જ ભાગી ગયા હતા. માહિતીના આધારે, ક્રાઈમ બ્રાન્ચે બંને આરોપીઓને બોલેરો પિકઅપ અને ચોરાયેલી ચાંદી સાથે ધરપકડ કરી હતી. મેહુલની પૂછપરછમાં ખુલાસો થયો કે તે છેલ્લા ૧૫ વર્ષથી મંદિરમાં પૂજારી તરીકે સેવા આપી રહ્યો હતો. અઢી વર્ષ પહેલાં, જ્યારે મૂર્તિઓને નુકસાન થયું હતું, ત્યારે મંદિરના ટ્રસ્ટીઓની સૂચનાથી મૂર્તિઓની પાછળના ચાંદીના જડતર કાઢીને મંદિરના ભોંયરામાં મૂકવામાં આવ્યા હતા. મેહુલ પાસે જડતરની ચાવીઓ હતી. તેથી, મેહુલ ચાંદી ચોરી કરવા માટે કટરનો ઉપયોગ કરતો હતો અને સફાઈ કામદાર કિરણની મદદથી મંદિરમાંથી ચાંદી કાઢતો હતો. ત્યારબાદ મેહુલ ચોરાયેલી ચાંદીને કટરથી કાપીને આરોપી રોનક શાહ અને સંજય જાગરિયાને વેચતો હતો.

## સુરેન્દ્રનગર જીલ્લામાં એક સાથે ૨૦૦ લોકોને થયું ફૂડ પોઈઝનિંગ

| પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૨૬ |


સુરેન્દ્રનગરમાં ફૂડ પોઈઝનિંગનો એક ગંભીર કેસ નોંધાયો છે.ગોમટા ગામના એક ઘરમાં ધાર્મિક સમારોહમાં પીરસવામાં આવતી છાશ પીવાથી ૨૦૦ થી વધુ લોકો બીમાર પડ્યા હોવાનું જાણવા મળે છે.કાર્યક્રમના થોડા સમય પછી, ઉપસ્થિતોએ ઉલટી, ચક્કર અને પેટમાં દુખાવો થવાની ફરિયાદ શરૂ કરી.અસરગ્રસ્ત વ્યક્તિઓને લીંબડી, વઢવાણ અને નજીકના અન્ય વિસ્તારોની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેઓ હાલમાં સારવાર લઈ રહ્યા છે. પ્રાથમિક માહિતી અનુસાર, નાના બાળકો, મહિલાઓ અને યુવાનોની સ્થિતિ વધુ ગંભીર હોવાનું જાણવા મળે છે.ઘટનાના સમાચાર મળતાં, આરોગ્ય વિભાગની ટીમો તાત્કાલિક ગોમટા ગામમાં પહોંચી અને તપાસ શરૂ કરી. શંકાસ્પદ ઝેરનું કારણ નક્કી કરવા માટે પ્રયોગશાળા પરીક્ષણ માટે છાશના નમૂના લેવામાં આવ્યા છે.સ્થાનિક વહીવટીતંત્રે લોકોને સતર્ક રહેવા અને આરોગ્ય વિભાગની સૂચનાઓનું પાલન કરવા વિનંતી કરી છે. વહીવટીતંત્ર દ્વારા આગળની કાર્યવાહી અને તપાસ ચાલુ છે. સુરેન્દ્રનગરમાં ફૂડ પોઈઝનિંગનો એક ગંભીર કેસ નોંધાયો છે.ગોમટા ગામના એક ઘરમાં ધાર્મિક સમારોહમાં પીરસવામાં આવતી છાશ પીવાથી ૨૦૦ થી વધુ લોકો બીમાર પડ્યા હોવાનું જાણવા મળે છે.કાર્યક્રમના થોડા સમય પછી, ઉપસ્થિતોએ ઉલટી, ચક્કર અને પેટમાં દુખાવો થવાની ફરિયાદ શરૂ કરી.

### આકાશ અંબાણીનું તેમના પત્ની શ્લોકા મહેતા અને બાળકો સાથેનું ચિત્ર આકાશમાં ઝળહળ્યું

## ઈશા અને આકાશ અંબાણીના જન્મદિવસની ભવ્ય ઉજવણી જામનગરનું આકાશ અદભુત ડ્રોન શોથી ઝળહળી ઉઠ્યું

| પ્રતિનિધિ, જામનગર,તા.૨૬ |

ઈશા અને આકાશ અંબાણીના આગામી જન્મદિવસની ઉજવણીની તૈયારીઓ અંતર્ગત જામનગરના આકાશમાં શુક્રવારે એક અદભુત ડ્રોન શો યોજાયો હતો. આ લાઈટ ડ્રોન શો ઈન્સ્ટાગ્રામ પર પહેલેથી જ વાયરલ થઈ રહ્યું છે, જેમાં સેંકડો સિંક્રોનાઈઝ્ડ ડ્રોન અંબાણી ભાઈ બહેનના જીવનના લક્ષ્યો અને સફરને પ્રતિબિંબિત કરતા વિવિધ આકર્ષક પેટર્ન બનાવી રહ્યા હતા. શોની શરૂઆત જન્મ દિવસની શુભેચ્છા આકાશ અને ઈશા મેસેજ સાથે થઈ હતી. ત્યારબાદ આકાશ અંબાણીનું તેમના પત્ની શ્લોકા મહેતા અને બાળકો સાથેનું ચિત્ર આકાશમાં ઝળહળ્યું.




ડ્રોન શોના બીજા ભાગમાં ઈશા અંબાણીની શૈક્ષણિક સફરને વિશેષરૂપે રજૂ કરવામાં આવી હતી. જેમાં સ્ટેનફોર્ડ અને યેલ યુનિવર્સિટીના લોગો સાથે ગ્રેજ્યુએશન ગાઉન પહેરેલી ઈશાની આકૃતિ દેખાઈ. ત્યારબાદ આકાશ અંબાણીને બ્રાઉન યુનિવર્સિટીના લોગો સાથે દર્શાવવામાં આવ્યા. સાથે જ મુંબઈ ઈન્ડિયન્સની જર્સી ફોર્મેશન દ્વારા રિલાયન્સ જિયોના ચેરમેન તરીકે આકાશની ભૂમિકાને પણ માન અપાયું. અંતિમ દશ્યમાં આખા અંબાણી પરિવારનું સિલુએટ રજૂ થયું — જેમાં તેમના પેટ ડોગ 'હેપ્પી'નો પણ સમાવેશ હતો.

જન્મદિવસની ઉજવણી માટે જામનગર પહેલેથી જ સ્ટાર્સથી ખચાખચ ભરાઈ ગયું છે. એક મીડિયા અહેવાલ મુજબ છેલ્લા બે દિવસમાં જામનગર એરપોર્ટ પર જાહ્નવી કપૂર, અનન્યા પાંડે, દિશા પટણી, અર્જુન કપૂર અને કરણ જોહર જેવા બોલિવૂડ સેલિબ્રિટીઝ પહોંચ્યા છે. અંબાણી પરિવારની આ ઉજવણી અઠવાડિયાના સૌથી મોટા સામાજિક ઈવેન્ટ્સમાંનું એક બની ગઈ છે. ભવ્ય આયોજન અને મહેમાનોની પ્રતિષ્ઠિત યાદી માટે જાણીતા અંબાણીઓએ ફરી એક વાર ગ્લેમર અને ગ્રાન્ડયોરનું મંચ તૈયાર કર્યું છે. ઈશા અને આકાશ અંબાણીના આગામી જન્મદિવસની ઉજવણીની તૈયારીઓ અંતર્ગત જામનગરના આકાશમાં શુક્રવારે એક અદભુત ડ્રોન શો યોજાયો હતો.

## દિવાળીના તહેવારમાં દુઃખદ ઘટનાઃ બાઇકની માંગણી નકારાતાં જૂનાગઢના યુવાનની આત્મહત્યા

| પ્રતિનિધિ, જૂનાગઢ, તા.૨૬ |

દિવાળીના તહેવાર પર એક પરિવાર શોકમાં ડૂબી ગયો છે. પિતાએ બાઈકની માંગણી નકારતાં એક દીકરાએ ફાંસી લગાવી દીધી. તહેવાર દરમિયાન દીકરાની આત્મહત્યાથી પરિવાર શોકમાં ડૂબી ગયો છે. પોલીસે આત્મહત્યા માટે ઉશ્કેરણીનો ગુનો નોંધ્યો છે અને વધુ તપાસ કરી રહી છે.અહેવાલો અનુસાર, જૂનાગઢના ભેંસાણમાં એક દીકરાએ તેના પિતા પાસેથી નવી બાઈકની માંગણી કરી હતી. કારણ કે તે સમયે પિતા આર્થિક રીતે નબળા હતા, તેથી દીકરાએ આગ્રહ રાખ્યો હતો. ત્યારબાદ, દીકરાએ દિવાળી પર ફાંસી લગાવી દીધી, જેના કારણે પરિવાર શોકમાં ડૂબી ગયો. દિવાળી પર ૨૮ વર્ષીય અજય ચંદુભાઈ સોલંકીની આત્મહત્યાએ પરિવારને શોકમાં ડૂબાડી દીધો છે.જૂનાગઢના ભેંસાણ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, મૃતક અજયે તેના પિતા પાસેથી બાઈકની માંગણી કરી હતી. પરંતુ જ્યારે તેના પિતાએ આર્થિક તંગીને કારણે પછી તેને બાઈક ખરીદવાનું કહ્યું, ત્યારે અજય નિરાશ થઈ ગયો. ગુસ્સામાં તેણે ફાંસી લગાવી દીધી. ઘટનાની માહિતી મળતાં, પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને આત્મહત્યા માટે ઉશ્કેરણીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પંચમહાલના શહેરા-ગોધરા હાઇવે પર કારમાં ભીષણ આગ પાંચ વ્યક્તિઓનો આબાદ બચાવ

| પ્રતિનિધિ, ગોધરા, તા.૨૬ |

પંચમહાલ જિલ્લામાં શહેરા-ગોધરા હાઈવે પર ગમખ્વાર ઘટના બની હતી, જેમાં ચાલુ કારમાં અચાનક આગ ભભૂકી ઉઠતાં દોડધામ મચી ગઈ હતી. જોકે, કારમાં સવાર પાંચ વ્યક્તિઓની સમયસૂચકતાના કારણે તેમનો આબાદ બચાવ થયો હતો.પ્રાપ્ત માહિતી અનુસાર, આ ઘટના શહેરાની વાઘજીપુર ચોકડી નજીક બની હતી. એક કાર મોડાસા તરફથી હાલોલ તરફ જઈ રહી હતી. આ દરમિયાન અગમ્ય કારણોસર કારના એન્જિનમાંથી ધુમાડો નીકળવાનો શરૂ થયો અને જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું. કારમાં આગ લાગવાની જાણ થતાં જ કારમાં સવાર તમામ પાંચ વ્યક્તિઓએ તુરંત જ સમયસૂચકતા વાપરીને કારમાંથી બહાર નીકળી ગયા હતા. થોડી જ વારમાં આગે સંપૂર્ણ કારને લપેટમાં લઈ લીધી હતી અને આખેઆખી કાર બળીને ખાખ થઈ ગઈ હતી.સદનસીબે, કારમાં સવાર તમામ વ્યક્તિઓ સુરક્ષિત રીતે બહાર નીકળી જતાં કોઈ જાનહાનિ થઈ નહોતી. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો. આ ઘટનાને પગલે હાઈવે પર ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા, પરંતુ સ્થાનિક પોલીસ અને ફાયર વિભાગે પરિસ્થિતિને નિયંત્રણમાં લીધી હતી.



### છેલ્લા દસ દિવસમાં સાત - સાત હત્યાથી રાજકોટ હચમચી ગયું

# ૬ દિવસમાં રાજકોટમાં ૬ લોકોની હત્યા! ચોરીની શંકાએ દંપતીએ કરી પાડોશી યુવાનની હત્યા

**દિવાળીના પર્વ પૂર્વે શરૂ થયેલો રાજકોટમાં હત્યાનો સિલસિલો દિવાળીનું પર્વ પૂર્ણ થઈ ગયા બાદ પણ હજુ પણ અટકવાનું નામ નથી લઈ રહ્યો**

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૨૬ ।

દિવાળીના પર્વ ઉપર જાણે કે રાજકોટ શહેરને કોઈની નજર લાગી ગઈ હોય તેમ એક બાદ એક હત્યાની ઘટનાઓ સામે આવી રહી છે. રાજકોટ શહેરમાં છેલ્લા પાંચ દિવસમાં છ જેટલી હત્યાથી રંગીલુ રાજકોટ રક્ત રંજીત બની ચુક્યુ હોવાનું સામે આવ્યુ છે. તો છેલ્લા દસ દિવસમાં સાત - સાત હત્યાથી રાજકોટ હચમચી ગયું છે. ત્યારે શનિવારના રોજ રાજકોટ શહેરના જામનગર રોડ પર આવેલા ઘંટેશ્વર વિસ્તારમાં દિન દહાડે વિજય સોલંકી નામના વ્યક્તિની હત્યા કરવામાં આવી હોવાની ઘટના સામે આવી છે.





દિવાળીના પર્વ પૂર્વે શરૂ થયેલો રાજકોટમાં હત્યાનો સિલસિલો દિવાળીનું પર્વ પૂર્ણ થઈ ગયા બાદ પણ હજુ પણ અટકવાનું નામ નથી લઈ રહ્યો. શનિવારના રોજ રાજકોટ શહેરના જામનગર રોડ પર આવેલા ઘંટેશ્વર ૨૫ વારીયા ક્વાર્ટરમાં રહેતા ૩૦ વર્ષિય વિજય સોલંકી નામના વ્યક્તિની હત્યા ધર્મેશ બ્રાહ્મણ નામના વ્યક્તિ દ્વારા છરીના ઘા ઝીંકી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. ધર્મેશ નામના વ્યક્તિ દ્વારા પોતાની પત્ની સુમિત્રા ઉર્ફે ગુડી સાથે મળીને પાડોશમાં જ રહેતા વિજય સોલંકીની હત્યા કરી હોવાનું સામે આવ્યું છે.

પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત અનુસાર વિજય સોલંકીના કાકા ભરત સોલંકી દ્વારા છ મહિના પૂર્વે ધર્મેશના ઘરેથી સોનાના કંદોરા સહિતની ચોરી કરી હતી. કેમ અમને ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ પણ નોંધાવવામાં આવી હતી. પરંતુ કાકા ભરત સોલંકી દ્વારા ચોરીનો મુદ્દામાલ પોતાના ભત્રીજા વિજય સોલંકીને વેચવા આપ્યો છે તેમજ ચોરી વિજય દ્વારા કરવામાં આવી હોવાની શંકાએ ધર્મેશ દ્વારા પોતાની પત્ની સાથે મળીને વિજયની હત્યા કરી હોવાનું હાલ જાણવા મળી રહ્યું છે. ત્યારે બનાવની જાણ થતાની સાથે તાત્કાલિક અસરથી ગાંધીગ્રામ પોલીસનો કાફલો તેમજ ડિપાર્ટમેન્ટ ઓફ ક્રાઈમ બ્રાન્ચ સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો.

ડીસીપી સહિતના ઉચ્ચ અધિકારીઓ પણ ઘટના સ્થળે દોડી ગયા હતા. તેમજ જરૂરી પંચનામાં સહિતની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ મૃતકની લાશને પોસ્ટ મોર્ટમ અર્થે પીએમ રૂમ ખાતે ખસેડવામાં આવી હતી. તેમજ તાત્કાલિક અસરથી પોલીસ દ્વારા ધર્મેશની અટકાયત પણ કરી લીધી હોવાનું હાલ સામે આવ્યું છે. ત્યારે સમગ્ર મામલે મૃતકના પરિવારજનોની ફરિયાદ નોંધવા સહિતની કાર્યવાહી પણ હાલ હાથ ધરવામાં આવી છે. દિવાળીના પર્વ ઉપર જાણે કે રાજકોટ શહેરને કોઈની નજર લાગી ગઈ હોય તેમ એક બાદ એક હત્યાની ઘટનાઓ સામે આવી રહી છે.

રાજકોટ શહેરમાં છેલ્લા પાંચ દિવસમાં છ જેટલી હત્યાથી રંગીલુ રાજકોટ રક્ત રંજીત બની ચુક્યુ હોવાનું સામે આવ્યુ છે. તો છેલ્લા દસ દિવસમાં સાત - સાત હત્યાથી રાજકોટ હચમચી ગયું છે. ત્યારે શનિવારના રોજ રાજકોટ શહેરના જામનગર રોડ પર આવેલા ઘંટેશ્વર વિસ્તારમાં દિન દહાડે વિજય સોલંકી નામના વ્યક્તિની હત્યા કરવામાં આવી હોવાની ઘટના સામે આવી છે.

### ઘટનામાં એક યુવકે આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો

## ૪૦ કલાકની શોધખોળ બાદ મોરબી મચ્છુ નદીમાં ડૂબેલા બે લોકોના મૃતદેહ મળ્યા

। પ્રતિનિધિ, મોરબી, તા.૨૬ ।

મોરબીની મચ્છુ નદીમાં એક દુઃખદ ઘટના સામે આવી છે, જ્યાં ૪૦ કલાકની સઘન શોધખોળ બાદ બે મિત્રોના મૃતદેહ મળી આવ્યા છે. આ ઘટનામાં એક યુવકે આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો અને તેને બચાવવા ગયેલો તેનો મિત્ર પણ નદીના ઊંડા પાણીમાં ડૂબી ગયો હતો.આ ઘટના મોરબીની જીવાદોરી ગણાતી મચ્છુ નદીમાં બની હતી. પ્રાથમિક માહિતી મુજબ, હર્ષદ પારધી નામના યુવકે અજ્ઞાત કારણોસર નદીમાં કૂદીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. તેના મિત્ર અનિલ પઠોડિયાએ પણ તેને બચાવવા માટે નદીમાં કૂદી પડ્યો હતો, પરંતુ કમનસીબે, બંને નદીના ઊંડા અને ખતરનાક પ્રવાહમાં ફસાઈ ગયા હતા. ઘટના બાદ તરત જ બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી.ઘટનાની માહિતી મળતાં, મોરબી અને રાજકોટના ફાયર ટેન્ડરો,એસડીઆરએફ ટીમો સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. નદીના ખતરનાક પ્રવાહ અને ઊંડાઈએ શોધ કામગીરી માટે નોંધપાત્ર પડકારો ઉભા કર્યા હતા, પરંતુ ૪૦ કલાકના અવિરત પ્રયાસ પછી, ટીમોએ બંને યુવાનોના મૃતદેહ બહાર કાઢ્યા.આ પહેલા પણ મોરબીની મચ્છુ નદીમાં એક સાથે સાત લોકો ડૂબ્યા હતા. જેમાં ત્રણ લોકોના મોત થયા હતા.પ્રથમ એક યુવાન ડૂબ્યા બાદ તેને બચવા જતા બે સગીરા પણ ડૂબ્યા હતા. અહી કુલ ૭ જેટલા યુવાન અને સગીર ન્હાવા આવ્યા હતા.

## અમદાવાદઃ કાળી ચૌદસની રાતે જ પત્નીનો ભાંડો ફૂટ્યો, પ્રેમી મળવા આવતા પતિએ રહેંસી નાખ્યો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૬ ।

અમરાઈવાડી વિસ્તારમાં અનૈતિક સંબંધમાં એક યુવાનની હત્યાની ઘટના સામે આવી છે. આ બનાવે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી દીધી છે.

માહિતી મુજબ, અમરાઈવાડીના આદર્શ એપાર્ટમેન્ટમાં રહેનાર વિનોદ મલ્હા નામના વ્યક્તિએ પોતાની પત્નીના પ્રેમી ગોપાલ રાઠોડની છરીના ઘા મારી હત્યા કરી નાખી હતી. આ ઘટના સામે આવતા જ, પોલીસ દ્વારા આરોપી વિનોદ મલ્હાની ધરપકડ કરી તપાસ શરૂ કરવામાં આવી છે.

એએસપી કુણાલ દેસાઈએ જણાવ્યું હતું કે, ગઈકાલે ગોપાલ રાઠોડ આરોપી વિનોદ મલ્હાની ગેરહાજરીમાં તેની પત્ની નેહા મલ્હાને મળવા માટે તેના ઘરે ગયો હતો. પરંતુ અચાનક વિનોદ ઘરે આવી પહોંચ્યો હતો. તેણે પત્ની અને ગોપાલને સાથે જોયા બાદ બંને વચ્ચે તીવ્ર બોલાચાલી થઈ હતી.

આ દરમિયાન, ગુસ્સામાં વિનોદે રસોડામાંથી છરી લઈ ગોપાલ પર વાર કર્યો હતો. છરીના ઉપરાઉપર ચાર ઘા ઝીંકાતા ગોપાલનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.

## સુરતમાં લસ્સી ગેંગના નરાધમોએ નજીવી બાબતે સગીરને પતાવી દીધો! પકડાયા તો ફેક્ચરનું નાટક

। પ્રતિનિધિ, સુરત, તા.૨૬ ।

થોડા દિવસ પહેલા શહેરના ભેસ્તાન વિસ્તારના ભીંડી બજારમાં બનેલી સનસનાટીભરી હત્યાકેસમાં કુખ્યાત સલમાન લસ્સી ગેંગના ત્રણ મુખ્ય આરોપીઓને પોલીસે પકડી પાડ્યા છે. જોકે ધરપકડ સમયે બે નરાધરોએ ફેક્ચર પટ્ટીમાં લપેટાયેલા દેખાતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. હવે આ ''ફેક્ચર'' સાચું છે કે બચાવની ચાલ, તે મુદ્દે પોલીસ દ્વારા ઊંડી તપાસ શરૂ કરવામાં આવી છે.હત્યા કેસની વિગતવાર વાત કરીએ તો, સુરતના ભેસ્તાનના ઓલ ખલીલ ટી સેન્ટર ખાતે બનેલી આ ઘટનામાં ઉત્તર પ્રદેશના વતની યુવાન શકીલની ચપ્પા અને લોખંડના પાઈપથી હત્યા કરવામાં આવી હતી, જ્યારે તેનો મિત્ર અલ્લુ ગંભીર રીતે ઘાયલ થયો હતો. પોલીસ મુજબ, અગાઉથી ચાલી રહેલી અદાવતને લીધે શકીલને જીવ ગુમાવવો પડ્યો છે, ઘટના સમયે આરોપીઓએ ''તું મારા મિત્રને ઠપકો કેમ આપ્યો?'' કહીને હુમલો કર્યો હતો. ધરપકડ વખતે શાહરૂખ અન્સારી હાથમાં ફેક્ચર પટ્ટી સાથે આવ્યો હતો, જ્યારે ઈમરોઝે જણાવ્યું કે, તે બાઈક પરથી પડી ગયો છે. બંનેએ ઈજાના બહાને પોતાનો બચાવ કરવાનો પ્રયાસ કર્યો હોવાનું જણાય છે. ત્યારે એસીપી દીપ વકીલે જણાવ્યું કે, ''બંને આરોપીઓએ ઈજાનું કારણ અલગ અલગ બતાવ્યું છે. તેમની મેડિકલ ફાઈલો મંગાવી છે. રિપોર્ટના આધારે ખબર પડશે કે ઈજાઓ વાસ્તવિક છે કે નાટક.''નોંધનીય છે કે, આ હત્યાકાંડ અને લસ્સી ગંગેના મુખ્ય સૂત્રધાર સલમાન લસ્સી પર સુરત શહેરના અલગ અલગ પોલીસ સ્ટેશનમાં ૧૨ ગુના, ઈમરોઝ દાલ ચાવલ પર ૪ ગુના અને અરબાઝ ઉર્ફે બાબા પઠાણ પર ૨ ગુના નોંધાયા છે. ચોંકાવનારી વાત એ છે કે ફરિયાદી સોહેલ ગુલામ શેખ પર પણ ૯ જુદા જુદા ગુના દાખલ છે.હાલ પોલીસ ફેક્ચર સંબંધિત દસ્તાવેજોની ક્રોસ વેરીફિકેશન કરી રહી છે.






## તંત્રી લેખ..

# ટ્રેડ વોરથી ફાયદો થશે

અમેરિકા અને ચીન વચ્ચે છેલ્લા કેટલાક સમયથી આર્થિક લડાઇ ચાલી રહી છે. જેના કારણે દુનિયાના દેશો હેરાન થયેલા છે. જાણકાર નિષ્ણાંતો અને આર્થિક પંડિતો સારી રીતે જાણે છે કે આ આર્થિક લડાઇનુ મુખ્ય કારણ રાજકીય છે. બંને દેશો વચ્ચે વિશ્વમાં પ્રભુત્વ જમાવવા માટેની એક પ્રકારની સ્પર્ધા છે. ભારત અથવા તો અન્ય કોઇ દેશ આને રોકવાની સ્થિતીમાં નથી. પરંતુ કેટલાક એવા ઉપાય છે જેના કારણે ભારત અમેરિકા અને ચીન વચ્ચે આર્થિક લડાઇનો લાભ લઇ શકે છે. વેપાર શરતોને વધારે ઉદાર બનાવીને ભારત જોરદાર રીતે લાભ ઉઠાવી શકે છે. જો અમેરિકા ચીનમાંથી આયાત કરવામાં આવતી ચીજો પર ડ્યુટીને લઇને મંજુરીની મહોર મારી દેશે તો અમેરિકી ગ્રાહકોને ચોક્કસપણે મોંઘવારીનો સામવો ચોક્કસપણે કરવો પડશે.પરંતુ આ પગલાના કારણે ચીન પર અનેક ગણી માઠી અસર થશે. સાથે સાથે જેઝટીઇ જેવી મોટી કંપનીઓ દેવાળુ ફુંકી શકે છે. હાલના સમયમાં સમગ્ર વિશ્વમાં ચાલી રહેલી સંરક્ષણવાદની લહેર ભારત માટે હાનિકારક છે. આના કારણે ભારતમાં રોકાણમાં બ્રેક વાગશે. મોંઘવારીમાં વધારો થશે અને ઇનોવેશનની ગતિ પણ ધીમી થઇ જશેય. ચીનની લોકપ્રિય ટેલિકોમ કંપની જેડટીઇ દ્વારા નવમી મેના દિવસે જાહેરાત કરવામાં આવી હતી કે અમેરિકી પ્રતિબંધ તેના પર અમલી થશે તો તે પોતાની ચીજોને રોકવા માટે મજબુર બની જશે. આ પહેલા અમેરિકાએ એક યાદી જાહેર કરીને ચીનમાંથી આયાત થનાર ૧૩૦૦ વસ્તુઓ પર ૨૫ ટકા ડ્યુટી વધારી દેવાની ઓફર કરી હતી. બંને મામલામાં ધમકી મળ્યા બાદ અમેરિકાની સરકારે નિર્ણયો હાલમાં ટાળી દીધા છે. એમ કહેવામાં આવે છે કે અમેરિકા-ચીન વેપાર મંત્રણા બાદ અમેરિકા દ્વારા કોઇ નવા પગલા લેવામાં આવનાર છે. બીજી બાજુ યુરોપિયન યુનિયને કહ્યુ છે કે જો અમેરિકા આયાત ડ્યુટી ઇયુ પર લગાવશે તો તે જડબાતોડ જવાબ આપશે. હવે ભારત સરકારની સામે અમેરિકા અને ચીન વચ્ચે ચાલી રહેલી આર્થિક લડાઇનો લાભ લેવાની તક રહેલી છે. સામાન્ય રીતે આ પ્રકારના યુદ્ધની વિશ્વ પર નકારાત્મક અસર થાય છે. જ્યારે અમેરિકાએ સ્ટીલ અને એલ્યુમિનિયમ આયાત પર ડ્યુટી લાગુ કરી હતી ત્યારે તે માત્ર ચીન પર નહીં બલ્કે અમેરિકાને નિકાસ કરનાર તમામ દેશો પર ડ્યુટી લાગુ થઇ ગઇ હતી. ભારતીય સ્ટીલ અમેરિકામાં ખુબ ઓછા પ્રમાણમાં નિકાસ થાય છે જેથી ભારત પર તેની કોઇ વધારે અસર સ્થાનિક બજારમાં થઇ ન હતી. પરંતુ મેક અમેરિકા ગ્રેટ અગેઇનના કારણે જો અમેરિકા ટેક્સટાઇળ અને દવા જેવી મહત્વપૂર્ણ ભારતીય ચીજો પર ડયુટી વધારી દેવાની શરૂઆત કરે છે તો અમારી અર્થવ્યવસ્થા પર તેની પ્રતિકુળ અસર થનાર છે. જ્યાં સુધી ચીન અને અમેરિકાની વાત છે તો જંગમાં બન્ને ઘાયલ થશે.

# બ્રેઇન ટ્યુમરના ઘણા પ્રકાર રહેલા છે

બ્રેઈન ટ્યુમરને લઈને સામાન્ય લોકો પાસે ઓછી માહિતી હોય છે. વારંવાર માથામાં દુખાવો રહે અને વારંવાર ગુસ્સો આવે તો તેની અવગણા કરવી જોઈએ નહીં. ૩-૧૫ વર્ષની વયમાં અને ૫૦ વર્ષથી વધુની વયમાં આ તકલીફ થવાનો ખતરો રહે છે. આંકડા દર્શાવે છે કે ૨૦ ટકા મામલા બાળકોમાં મસ્તિષ્કના કેન્સરના હોય છે. બાળકોમાં કોઈ પણ લક્ષણ દેખાય તો તરત જ તબીબને મળવાની સલા નિષ્ણાંતો આપે છે. વિટામિન-સી, ઈ અને કેની બનેલી ચીજો હમેંશા ફાયદો કરાવે છે. મોડી રાત સુધી ન જાગવા માટેની પણ તબીબો સલા આપે છે. સાથે સાથે જંક ફુડ અને ડબ્બામાં મળનાર ચીજોને ટાળવામાં આવે તે જરૂરી છે. તબીબો બ્રેઈન ટ્યુમરના સંબંધમાં વાત કરતા કહે છે કે દિમાગમાં અસામાન્ય કોશિકાના વધારાને બ્રેઈન ટ્યુમર કહેવામાં આવે છે. આના કેટલાક પ્રકારો રહે છે. પરંતુ કેન્સર વિનાના અને કેન્સર સાથેના ટ્યુમર જુદા જુદા પ્રકારના હોય છે. તેની આંશકા ત્રણ વર્ષથી લઈને ૧૫ વર્ષની વયના કિશોર અને ત્યારબાદ ૫૦ વર્ષથી ઉપરની વ્યક્તિમાં થવાનો ખતરો વધારે રહે છે. બાળકોમાં જેનેટિક મ્યુટેશન મુખ્ય કારણ તરીકે હોય છે. જે પરિવારમાં કોઈને પહેલાથી જ આ તકલીફ હોય છે તેમાં ખતરો વધારે રહે છે. બ્રેઈન ટ્યુમરના લક્ષણો જોવામાં આવે તો વહેલી સવારે ઉઠતાની સાથે જ માથામાં દુખાવો રહે છે. ઉલ્ટીઓ થાય છે. તેમાં કેટલીક વખત માઈગ્રેન જેવા લક્ષણ જોવા મળે છે. ઝુંકવા અને કસરત કરવાની સ્થિતીમાં વધારે તેજ દુખાવો થાય છે. કાનમાં હમેંશા કોઈ અવાજ સંભળાય છે. જોવામાં પરેશાની થાય છે. વારંવાર બેહાન થવાના લક્ષણ દેખાય છે. આંખોની નસમાં સોજા આવી જાયછે. બ્રેઈન ટ્યુમરના દર્દીની યાદશક્તિ પર માઠી અસર થાય છે. બ્રેઈન ટ્યુમરના પ્રકારના વાત કરવામાં આવે તો તેના કેટલાક પ્રકાર છે. જેમાં ગ્લિઓમાં, મેનિન્ગિઆેમ, પિટ્યુટરી ટ્યુમરનો સમાવેશ થાય છે. ગ્લિઓમાં પ્રકારના ટ્યુમર ખુબ ખતરનાક હોય છે અને તે જીવલેણ હોય છે. મેનિન્ગિઓમ પ્રકારના ટ્યુમર મસ્તિષ્કની સપાટી પર થાય છે તેની સારવાર સરળ રીતે થઈ શકે છે. તેની સારવારના કેટલાક તબક્કા હોય છે. પ્રથમ તબક્કામાં બ્રેઈન ટ્યુમર કોશિકાના વિકાસની ગતિ ધીમી હોય છે. દિમાગથી શરીરના બીજા હિસ્સામાં તેનો ફેલાવો થતો નથી. સર્જરીથી અથા તો બીજી રીતે ટ્યુમરને દુર કરી શકાય છે. કિમો અને રેડિએશન થેરાપીની જરૂર પડતી નથી. તબક્કા-૨માં ટ્યુમરની કોશિકા શરીરના બીજા હિસ્સામાં ફેલાવવા લાગી જાય છે. મોટા ભાગના દર્દીની સારવાર કિમોથેરાપી મારફતે કરવામાં આવે છે. સમય પર સારવાર ન કરાવવાની સ્થિતીમાં સ્થિતી બગડી શકે છે.તબક્કા-૨માં ટ્યુમર અતિ ઝડપથી શરીરના બીજા હિસ્સામાં ફેલાઈ જાય છે. દિમાંગને શરીરના સંકેતો ઓળખવામાં પરેશાનીનો સામનો કરવો પડે છે. રેડિએશન અને કિમોથેરાપીથી સારવાર કરવામાં આવે છે. તબક્કા-૪માં ટ્યુમર પૂર્ણ રીતે વિકસિત થાય છે. જેથી શરીરને પૂર્ણ રીતે નુકસાન પહોંચાડવા લાગી જાય છે. ગંભીરતા ખુબ વધારે થઈ જાય છે. જેના કારણે સારવારમાં કિમો, રેડિએશન અને લેજર થેરાપીની પણ જરૂર પડે છે. ટ્યુમરની ઓળખ કરવામાં આવ્યા બાદ તબીબો બાળકની સ્થિતી જુએ છે.



**૨૧મી સદીમાં ભારતની સફર સદી ઉજવણી કરવા જેવી રહી છે...**

**એક રાષ્ટ્ર તરીકેની આપણી વિકાસગાથા, સાતત્યપૂર્ણ પ્રગતિ, ટેકનોલોજી, ટકાઉપણા પ્રત્યેની પ્રતિબદ્ધતા, સ્થિતિસ્થાપક ઉદ્યોગસાહસો અને આપણા વૈશ્વિક દૃષ્ટિકોણથી સુશોભિત છે**

# ભારતની ફૂડ પ્રોસેસિંગ સંભવિતતાને મુક્ત કરવીઃ વર્લ્ડ ફૂડ ઇન્ડિયા ૨૦૨૩ અને તેનાથી આગળ

**ભારતમાં ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગમાં તાજેતરના વર્ષોમાં નોંધ પાત્ર વૃદ્ધિ થઇ છે અને તેમાં આગળ સતત વૃદ્ધિની પ્રચંડ સંભાવના છે. પ્રોસેસિંગ મારફતે મૂલ્ય સંવર્ધન ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રને મુખ્ય ક્ષેત્રોમાંનું એક બનાવે છે, જે ભારતની કૃષિ પરિદ્રશ્યમાં પરિવર્તન લાવી શકે છે**

૨૧મી સદીમાં ભારતની સફર સદી ઉજવણી કરવા જેવી રહી છે. એક રાષ્ટ્ર તરીકેની આપણી વિકાસગાથા, સાતત્યપૂર્ણ પ્રગતિ, ટેકનોલોજી, ટકાઉપણા પ્રત્યેની પ્રતિબદ્ધતા, સ્થિતિસ્થાપક ઉદ્યોગસાહસો અને આપણા વૈશ્વિક દૃષ્ટિકોણથી સુશોભિત છે. આ અનુકરણીય વિકાસને આપણા ઉદ્યોગોએ અને તેનાં ઘણાં ઘટક ક્ષેત્રોએ મહત્ત્વપૂર્ણ રીતે બળતણ પૂરું પાડ્યું છે, જે દરરોજ ભારતમાં પરિવર્તન લાવે છે. આ બધામાં સૌથી વધુ આશાસ્પદ, ગતિશીલ અને ઓછી ઊંચાઈ ધરાવતું ક્ષેત્ર ભારતીય ખાદ્ય પ્રસંસ્કરણ ક્ષેત્ર છે.

ભારતમાં ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગમાં તાજેતરના વર્ષોમાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે અને તેમાં આગળ સતત વૃદ્ધિની પ્રચંડ સંભાવના છે. પ્રોસેસિંગ મારફતે મૂલ્ય સંવર્ધન ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રને મુખ્ય ક્ષેત્રોમાંનું એક બનાવે છે, જે ભારતની કૃષિ પરિદ્રશ્યમાં પરિવર્તન લાવી શકે છે અને ખેડૂતોની આવક બમણી કરવા માટે દબાણમાં પ્રદાન કરી શકે છે. સાતત્યપૂર્ણ વપરાશ અને ઉત્પાદનની પેટર્નને સુનિશ્ચિત કરવાના સંયુક્ત રાષ્ટ્રના સાતત્યપૂર્ણ વિકાસ લક્ષ્યાંક (એસડીજી)ને ધ્યાનમાં રાખીને ખાદ્ય પદાર્થોના બગાડમાં ઘટાડા પર ભાર મૂકવામાં આવ્યો છે. પ્રોસેસિંગ ટેકનિકમાં નવીનતા, સ્થાયી સોર્સિંગ, પુનઃપ્રક્રિયા અને કૃષિ પેદાશોના અસરકારક ઉપયોગ મારફતે ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ ખાદ્ય કચરામાં ઘટાડો કરવામાં ઉત્પ્રેરક બની શકે છે, જે બહુવિધ એસડીજીની પ્રાપ્તિમાં પ્રદાન કરે છે.

તાજેતરના વર્ષોમાં તેના સતત ઊંચા વિકાસ દર અને ભવિષ્યના પ્રભાવશાળી અંદાજોને ધ્યાનમાં રાખીને, ખાદ્ય પ્રસંસ્કરણ



ઉદ્યોગ ભારતના આર્થિક વિકાસના નિર્ણાયક પરિબળોમાંનો એક બની રહેશે. ભારત સરકારે આ ક્ષેત્રના વિકાસને વધારવા માટે અનેક નીતિગત પહેલો હાથ ધરી છે.

પ્રધાનમંત્રી કિસાન સંપદા યોજના (પીએમકેએસવાય) કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી એક યોજના છે, જેનો ઉદ્દેશ ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રમાં આધુનિક માળખાગત સુવિધાઓ ઊભી કરવાનો છે. આ યોજનાથી આસપાસના નોંધપાત્ર રોકાણનો લાભ મળવાની અપેક્ષા છે. રૂ.૧૧,૦૦૦ કરોડના રોકાણની અપેક્ષા છે, જેણે ૫.૪૪ લાખ રોજગારીનું સર્જન કર્યું છે અને ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગને મજબૂત પ્રોત્સાહન પૂરું પાડ્યું છે. માઈક્રો ફૂડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઈઝીસ (પીએમએફએમઇ)નું પીએમ ઔપચારિકરણ અન્ય એક કેન્દ્ર પ્રાયોજિત યોજના છે, જેનો ઉદ્દેશ માઈક્રો ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગસાહસોને ઔપચારિક ક્ષેત્રમાં સામેલ કરવામાં મદદ કરવાનો છે. રૂ.૧૦,૦૦૦ કરોડનાં ખર્ચે, ૨,૦૦,૦૦૦ માઈક્રો એકમોને કેપિટલ લિન્કડ સબસિડી પ્રદાન કરશે. પીએમએફએમઈ હેઠળ ૧૫ ધિરાણ આપતી બેંકો સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે અને ૨૫ રાજ્યો માટે પ્રોજેક્ટ અમલીકરણ યોજનાઓને મંજૂરી આપવામાં આવી છે. કેન્દ્ર સરકારનું લક્ષ્ય પ્રોડક્શન લિન્કડ ઈન્સેન્ટિવ સ્કીમ ફોર ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રી (પીએલઆઈએસએફપીઆઇ) મારફતે ભારતીય ફૂડ બ્રાન્ડ્સને નાણાકીય સહાય પૂરી પાડવાનું પણ છે જે રૂ.૧૦,૯૦૦ કરોડની યોજના છે. આ યોજના દ્વારા ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રમાં રૂ.૩૩,૦૦૦ કરોડ અને ૨.૫ લાખ નોકરીઓનું સર્જન સાથે ઉત્પાદન વધારવામાં મદદ મળશે તેવી અપેક્ષા છે.

ભારત સરકારનાં વિઝનને ઉજાગર કરતી મહત્ત્વપૂર્ણ પહેલ 'વર્લ્ડ ફૂડ ઈન્ડિયા' છે, જે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ભાગીદારી સાથેનું વૈશ્વિક આયોજન છે. આ મેગા ઈવેન્ટમાં દુનિયાભરના રોકાણકારો, નેતાઓ અને ભાગીદારોને ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રમાં ભારતની સંભવિતતા પ્રદર્શિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૧૭માં વર્લ્ડ ફૂડ ઈન્ડિયા (ડબલ્યુએફઆઈ)ની પ્રથમ આવૃત્તિને નોંધપાત્ર સફળતા મળી હતી અને તેમાં ૬૧ દેશો અને ૨૭ રાજ્યોના નેતાઓ, પ્રતિનિધિઓ અને સહભાગીઓને આવકારવામાં આવ્યા હતા. વર્લ્ડ ફૂડ ઈન્ડિયા, ૨૦૧૭ પણ રોકાણને સરળ બનાવવામાં અભૂતપૂર્વ સફળતા સાબિત થઈ છે, જે આ ઉદ્યોગમાં પરિવર્તનશીલ વિકાસને પ્રેરિત કરશે.

ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ મંત્રાલય (એમઓએફપીઆઈ) વર્ષ ૨૦૨૩માં વિશ્વ ખાદ્યાન્ન ભારત (ડબ્લ્યુએફઆઈ)ની બીજી આવૃત્તિનું આયોજન કરવા જઈ રહ્યું છે, જે ખરા અર્થમાં વૈશ્વિક સ્તરે ભારતીય અને વૈશ્વિક ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગોનું સમન્વય છે. ભારતના ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગમાં નિકાસની નોંધપાત્ર સંભવિતતા છે. વૈશ્વિક ઉદ્યોગના ખેલાડીઓ સાથે જોડાઈને, ભારતીય વેપાર-વાણિજ્ય પ્રોસેસ્ડ ફૂડ માટે આ આકર્ષક નિકાસ બજારોમાં પ્રવેશ કરી શકે છે.

ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ પ્રાથમિક ક્ષેત્ર પર બનાવવામાં આવ્યો છે કારણ કે પ્રોસેસિંગ કૃષિ ઈનપુટ્સથી શરૂ થાય છે. દુનિયામાં બીજા ક્રમનું સૌથી મોટું કૃષિ ઉત્પાદન ધરાવતું ભારત વર્ષોથી ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રમાં અતિ ઊંચી વૃદ્ધિને જાળવી રાખવા માટે સૌથી વધુ આરામદાયક સ્થિતિમાં છે. ઉપરાંત, ભારતમાં ફૂડ પ્રોસેસિંગનું સ્તર ૧૦ ટકાની આસપાસ રહે છે, જે મોટા પાયે વણખેડાયેલી સંભવિતતા દર્શાવે છે.

સંવર્ધિત શહેરીકરણ, ઊંચી આવક અને અનુકૂળ ખાદ્ય પસંદગીઓને કારણે પ્રોસેસ્ડ ફૂડની વૈશ્વિક માગમાં સતત ૪ ટકાના દરે વધારો થઈ રહ્યો છે. તેની વિશાળ વસ્તી, આવકનું સ્તર વધતું જાય છે અને મજબૂત આર્થિક વૃદ્ધિ સાથે ભારત રોકાણ માટેનું એક આશાસ્પદ સ્થળ છે, તેનો ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ સૌથી વધુ વિશ્વસનીય ક્ષેત્રોમાંના એક તરીકે ચમકી રહ્યો છે.

ભારત ૫ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ મુખ્ય ભૂમિકા ભજવવાની તૈયારીમાં છે. નવીનતા, રોકાણ અને નીતિગત સમર્થનના યોગ્ય મિશ્રણ સાથે, તે આ મહત્વાકાંક્ષી લક્ષ્યમાં નોંધપાત્ર યોગદાન આપી શકે છે. વર્લ્ડ ફૂડ ઈન્ડિયા ૨૦૨૩ સાથે ભારતની ક્ષમતા અતુલ્ય વૈશ્વિક ધ્યાન આકર્ષિત કરશે. ભારતની વિકાસગાથા સાથે એક બહેતર વૈશ્વિક ભવિષ્યને આગળ ધપાવવા માટે, ભારતીય ફૂડ પ્રોસેસિંગ સંભવિતતાનો લાભ ઉઠાવવા માટે, સ્થાનિક અને વિદેશી રોકાણકારો અને વૈશ્વિક ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ માટે આ યોગ્ય સમય છે. વર્લ્ડ ફૂડ ઈન્ડિયા ૨૦૨૩ એક સીમાચિહ્નરૂપ ઘટના બનવા જઈ રહ્યું છે અને તે ભારતીય ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગના પ્રવેશદ્વાર તરીકે છે, જે ભારતની સંભવિતતા સાથે વૈશ્વિક પડકારોનો સામનો કરશે.

શ્રીમતી અનિતા પ્રવીણ દ્વારા
સચિવ, ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ



**પોતાના નંબરની રાહ જોવામાં આવ્યા બાદ જ સફળતા હાંસલ થશે...**

**દિન રાતની મહેનત અને અન્ય તમામ પ્રયાસો કરવામાં આવ્યા હોવા છતાં કેટલાક લોકો સફળતા હાંસલ કરી શકતા નથી. સામાન્ય રીતે લોકોના મનમાં આવા જ પ્રશ્નો થતા રહે છે કે લાંબા સમય સુધી એક લક્ષ્યની પ્રાપ્તિ સુધી તમામ પ્રયાસો કરવામાં આવ્યા હોવા છતાં અપેક્ષા મુજબની સફળતા મળી નથી**

# આજે કલેક્ટર કચેરી, વડોદરાના કોન્ફરન્સ હોલ ખાતે ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ માટે કેમ્પ યોજાયો

**સફળતા હાંસલ કરવા માટે રચનાત્મક અને સકારાત્મક વિચારો મનમાં રાખીને આગળ વધવાની જરૂર : ઘણી વાર સફળતા એકાએક મળે છે**

કન્ટ્રોલર ઓફ કોમ્યુનિકેશન એકાઉન્ટ્સ, ગુજરાત (સીસીએ ગુજરાત) એ ભારત સરકારના સંદેશાવ્યવહાર મંત્રાલયના ટેલિકોમ્યુનિકેશન્સ વિભાગનું ફિલ્ડ યુનિટ છે અને તે ગુજરાત ટેલિકોમ સર્કલના ટેલિકોમ લાઈસન્સધારકો માટે રેવન્યુ એસેસમેન્ટ ઓથોરિટી અને ગુજરાતભરના ટેલિકોમ પેન્શનર્સ માટે પેન્શન મંજૂરી અને પેન્શન વિતરણ સત્તામંડળ છે. દૂરસંચાર વિભાગે સંપન્ન (જીછઁંછદ્દદ્દ) પોર્ટલ બનાવ્યું છે, જે એક સીમલેસ પેન્શન પ્રોસેસિંગ સિસ્ટમ છે અને પેન્શન પ્રોસેસિંગ, મંજૂરી, અધિકૃતતા અને ચુકવણીને એક સામાન્ય પ્લેટફોર્મ હેઠળ લાવ્યું છે. આ પોર્ટલે પેન્શનના વિતરણ માટે બેંકો અથવા પોસ્ટ ઓફિસ જેવા કોઈપણ મધ્યસ્થીઓની જરૂરિયાતને દૂર કરી છે, સંપન્નમાં, પેન્શનર્સનું પોતાનું ડેશબોર્ડ હોય છે જેમાં પેન્શનની તમામ વિગતો ઉપલબ્ધ હોય છે, તેઓ તેમના ઘરોની આરામથી તેમના ડેશબોર્ડ દ્વારા, જો કોઈ ફરિયાદ, જો કોઈ હોય તો, પણ નોંધાવી શકે છે, જે પછી આ ઓફિસ દ્વારા તાત્કાલિક ધ્યાન આપવામાં આવે છે. હાલમાં આ કચેરી સંપન્ન દ્વારા સમગ્ર ગુજરાતમાં ૩૦૦૦૦ જેટલા ટેલિકોમ પેન્શનરોને પેન્શનનું વિતરણ કરે છે.

પેન્શન અને પેન્શનર્સ કલ્યાણ વિભાગના સહયોગથી આ કચેરી દ્વારા નવેમ્બર માસમાં ગુજરાતભરમાં નેશનલ વાઈડ ડિજિટલ લાઈફ સર્ટીફીકેટ કેમ્પેઈન ૨.૦નું આયોજન કરવામાં આવ્યું છે. જીવન પ્રમાણપત્ર એ પેન્શનરો દ્વારા તેમના પેન્શનને ચાલુ રાખવા માટે કરવામાં આવતી એક મહત્વપૂર્ણ વાર્ષિક પ્રવૃત્તિ છે. ટેલિકોમ પેન્શનર્સ માટે સંપન્ન દ્વારા, લાઈફ સર્ટિફિકેટ વર્ષમાં કોઈ પણ સમયે આપી શકાય છે અને તે બાર મહિના માટે માન્ય છે. એલ.સી./ડી.એલ.સી.ની રજૂઆતની પ્રક્રિયાને સરળ બનાવવા માટે આ કચેરી દ્વારા સમગ્ર ગુજરાતમાં એલસી/ડીએલસી કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેમાં આપણા પેન્શનરો માટે "જીવન જીવવાની સરળતા" વધારવા માટે આધાર આધારિત બાયોમેટ્રિક સિસ્ટમ અને ફેસ ઓથેન્ટિકેશન એપ મારફતે એલસી/ડીએલસીનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત આ કચેરી દ્વારા ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓમાં આ પ્રકારના એલસી/ડીએલસી કેમ્પની શ્રેણીનું આયોજન કરવામાં આવશે. આ પ્રકારનો પ્રથમ કેમ્પ આજે કલેકટર કચેરી, વડોદરાના કોન્ફરન્સ હોલ ખાતે યોજવામાં આવ્યો હતો.








# મરિન એન્જિનિયરિંગ અને નોટિકલ સાયન્સમાં પોતાની કેરિયર બનાવી શકાય છે

જો તમને દરિયાઇ લહેર પોતાની તરફ આકર્ષિત કરે છે તો આ ક્ષેત્રમાં પણ એક સફળ કેરિયર બનાવી શકાય છે. સાથે સાથે આ ક્ષેત્રે સફળ કેરિયર બનાવવા અંગે વિચારણા કરી શકાય છે.દરિયાઇ લહેરને લઇને પસંદ કરનાર અને સાહસી વિચારધારા ધરાવતા યુવાનો મરીન એન્જિનિયરિંગમાં કેરિયર બનાવી શકે છે મરિન એન્જિનિયરિંગ અને નોટિકલ સાયન્સના ક્ષેત્રમાં પોતાની કેરિયર બનાવી શકાય છે. આ ક્ષેત્રમાં શરૂઆતમાં જ પગાર ધોરણ પણ ખુબ સારા રહેલા છે. મરિન એન્જિનિયરિંગ ખુબ જ પડકારૂપ ભરેલી કેરિયર છે. કારણ કે ખુબ વધારે સમય સુધી જહાજોમાં પણ રહેવાની ફરજ પડે છે. અલબત્ત આના કારણે દેશ વિદેશમાં ફરવા માટેની તક પણ મળે છે. આવી સ્થિતીમાં તમે રોમાંચની લહેર પર કેરિયર જહાજ ચલાવી શકો છો. જો તમે બીટેક મરિન એન્જિનિયરિંગ અથવા તો બીએસસી નોટિકલ સાયન્સ કોર્સ કરી ચુક્યા છો તો આપના માટે



નોકરીની અનેક તક રહેલી છે. આ સંબંધમાં માહિતી વિદ્યાર્થીઓ માટે ખુબ ઉપયોગી સાબિત થઇ શકે છે. ડીજી શિપિંહ ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ડિયાના મરિન પ્રોગ્રામમાં એડમિશન માટે કેએલ મરિન એન્ટ્રેસ એગ્ઝામનુ આયોજન કરવામાં આવે છે. આ એન્ટ્રેસ ટેસ્ટ મારફતે ખુબ મરિન એન્જિનિયરિંગ કોલેજોમાં બીટેક મરિન એન્જિનિયરિંગ અને બીએસસી નોટિકલ સાયન્સમાં પ્રવેશ આપવામાં આવે છે. ચાર વર્ષીય ડિગ્રી કોર્સ બીટેક મરિન એન્જિનિયરિંગ ડાયરેક્ટર જનરલ ઓફ શિપિંગ, ભારત સરકાર અને ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનોલોજી એજ્યુકેશનથી મંજુર કરવામાં આવ્યા છે.

બીજી બાજુ બીએસસી નોટિકલ સાયન્સ પણ ડાયરેક્ટર જનરલ શિપિંગ, ભારત સરકાર અને સંબંધિતોથી માન્યતા પ્રાપ્ત છે. આ કોર્સમાં વિદ્યાર્થીઓને નેવિગેશન, વોચ કિપિંગ, શીમેન શિપ, કાર્ગો, બ્રિજ ઇક્વિપમેન્ટ જેવી બાબતોમાં ટ્રેનિંગ આપવામાં આવે છે. આ કોર્સને પૂર્ણ કરીને તમે મરિન એન્જિનિયરિગ અને નોટિકલ સાઇન્સના ક્ષેત્રમાં શાનદાર માહિતી મેળવી શકો છો. સાથે સાથે એક શાનદાર કેરિયર નિર્માણની તક મળી શકે છે. બીટેક મરિન એન્જિનિયરિંગ અને બીએસસી નોટિકલ સાયન્સ માટે અરજી કરનારની લાયકાતની વાત કરવામાં આવે તો કોઇ પણ માન્યતાપ્રાપ્ત બોર્ડમાંથી ૧૨માં ભૌતિક શાસ્ત્ર, કેમિસ્ટ્રી અને ગણતિમાં ઓછામાં ઓછા ૬૦ ટકા માર્દ રહે તે જરૂરી છે. સાથે સાથે ધોરણ ૧૦માં અને ૧૨માં ઇંગ્લિશ વિષયમાં ઓછામાં ઓછા ૫૦ ટકા માર્ક રહે તે જરૂરી છે. બીટેક માટે ઉમેદવારમાં રિટન અને સ્પોકન ઇંગ્લિશમાં કુશળતા રહે તે જરૂરી છે.

આ પ્રવેશ પરીક્ષામાં ઉપસ્થિત રહેતા પહેલા ઉમેદવારને આ બાબતનુ ધ્યાન રાખવુ જોઇએ કે તેની વય ટ્રેનિંગ કાર્યક્રમ શરૂ થતા પહેલા ૨૫ વર્ષથી વધારે હોવી જોઇએ નહીં. આની સાથે જ કોઇ બહારની સહાય વગર અથવા તો ૬-૬ આઇ સાઇટ રહે તે જરૂરી છે. કલર બ્લાઇન્ડસનેસ પણ ન રહેવી જોઇએ. અત્રે નોંધ લેવા લાયક બાબત એ છે કે પ્રવેશ મેળવતી વેળા ઉમેદવારના મેડિકલ ટેસ્ટ ડીજી શિપિંગ ભારત સરકાર દ્વારા રહે તે જરૂરી છે. આ ફિલ્ડમાં કેટલાક શાનદાર કેરિયર વિકલ્પ છે. જેમાં નેવિગેશન ઓફિસર, મરિન એન્જિનિયરિંગ, ક્રુ મેમ્બર્સનો સમાવેશ થાય છે. એક ઓનલાઇન અરજી ફોર્મ ભરવાની જરૂર હોય છે. ફોર્મ ભરતી વેળા કોઇ પણ ખોટી માહિતી ન જાય તેની કાળજી રાખવામાં આવે તે જરૂરી છે. અરજી ફોર્મની સાથે નિર્ધારિત રેજિસ્ટ્રેશન ફિ પણ ઓનલાઇન જ જમા કરવામાં આવે છે.દેશના પ્રમુખ શહેરોમાં પરિક્ષા યોજવામાં આવે છે. ૧૮૦ મિનિટની અવધિ હોય છે. જેમાં મલ્ટીપલ ચોઇસ ટાઇપના ૨૦૦ સવાલ પુછવામાં આવે છે. જેમાં મેથ્સ, સાયન્સ, જનરલ નોલેજના પ્રશ્નો પણ હોય છે. પેપર હિન્દી અથવા તો ઇંગ્લિશ કોઇ પણ માધ્યમમાં આપી શકા છે. મરિન એન્જિનિયરિગમાં ખુબ શાનદાર કેરિયર છે. પગાર પણ ખુબ ઉંચા મળે છે. કેરિયરમાં આગળ વધવા માટે સાહસ ખુબ જરૂરી હોય છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

